૬


# પર્વતનો મુરબ્બો

E1W8Z4

## મુરબ્બાની મજા

### ચાલો, ગાઈએ ગીતડું...

બરણીનો મુરબ્બો ખાવા ચાલ્યા ઉંદર ચાર,
ખૂબ ધરાઈ ખાધો પોતે, ખાઈને કર્યો વિચાર,
બચ્ચાં માટે ઘેરે થોડો લઈ જઈએ તો ઠીક;
ઊંધે માથે પડ્યા બરણીમાં, જરી ન મનમાં બીક !
શેઠે આવી પૂંછડી ઝાલી ખેંચી કાઢ્યા બહાર;
ચૂંચૂં કરતાં બધાય ત્યાંથી ભાગ્યા મારંમાર !
બરણીનો મુરબ્બો લઈને આવ્યા ઉંદર ચાર !
બચ્ચાં વળગી ડિલે ચાટે મુરબ્બો રસદાર,
ચૂંચૂં...ચૂંચૂં મુરબ્બો રસદાર.....





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## કોને કોને ઓળખો છો ? ક્યારે જુઓ છો ? ક્યાં જુઓ છો ?

- કોઈ એકનું પાત્ર ભજવો.



કોણ છે ?

ક્યારે જુઓ છો ? બપોરે

ક્યાં જુઓ છો ?




કોણ છે ?

ક્યારે જુઓ છો ?

ક્યાં જુઓ છો ?



કોણ છે ?

ક્યારે જુઓ છો ?


ક્યાં જુઓ છો ?



કોણ છે ?

ક્યારે જુઓ છો ?

ક્યાં જુઓ છો ?



કોણ છે ?

ક્યારે જુઓ છો ?

ક્યાં જુઓ છો ?




કોણ છે ?

ક્યારે જુઓ છો ?

ક્યાં જુઓ છો ? ઘર પાસે



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



કહો : આ ચિત્રમાં શું શું જોઈને તમને હસવું આવ્યું ? ડર લાગ્યો ? ચિંતા થઈ ?

આ ચિત્રમાં રંગ પૂરો.

ચુંમોતેર

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

● હવે વાર્તા સાંભળો.

## અમૃતકાકાનો પર્વત

પૃથ્વીપુરના બજારમાં રોજ જેવી ભીડ જામી હતી. આર્યન મોબાઈલમાં બજારનો વીડિયો ઉતારતો હતો.

શકરાભાઈની શાકભાજીની લારી ધીમે ધીમે આગળ જતી હતી. ‘‘બટાકા, રીંગણ, કોબીજ, ફુલેવર, કોળું, દૂઉઉઉધી.....’’ નજીકમાં પ્રકાશભાઈ અને દર્શનાબહેન કપડાંની લારીએથી તૃપ્તિ માટે કપડાં ખરીદતાં હતાં. બાજુમાં મૃગેશભાઈ બ્રશ, કાંસકો, તેલ વગેરે ખરીદી થેલીમાં મૂકતા હતા.

હર્ષદભાઈ તેમની કિચૂડ કિચૂડ અવાજ કરતી સાઈકલ પર દૂધનાં કેન લટકાવી ટ્રિન ટ્રિન કરતા જતા હતા.

પાર્થેશભાઈ, પ્રેમીલાબહેન અને હર્ષવર્ધનના ભારથી સ્કૂટર દબાઈ ગયું હતું. શ્રીધરભાઈ ફુગ્ગા લઈ બજાર વચ્ચે હતા.

ચંદ્રકાન્ત ચાવાળાની દુકાને તો ટોળું જ હોય ! ત્યાં જ અમૃતકાકાનો બળદ બજારમાં ઘૂસ્યો. તેનું ડુંગર જેવું મોટું શરીર જોઈ કાકાએ નામ પાડેલું ‘પર્વત’. જેવું એનું નામ તેવું એનું કામ...... કાકાના હાથમાંથી દોરડું છોડાવી એ તો દોડ્યો બજારમાં...... એ જાય... એ જાય... !

### વાતચીત :

‘અમૃતકાકાનો પર્વત’ મોટેથી વાંચી સંભળાવો. ત્યારબાદ નીચે જેવા પ્રશ્નો પૂછો.

૧. તમને કોનાં કોનાં નામ યાદ રહ્યાં ?
૨. જે-તે વ્યક્તિ વિશે શું યાદ છે ? દા.ત. અમૃતકાકા વિશે શું યાદ છે ?
૩. ચિત્રમાં કેટલી સ્ત્રીઓ છે ?
૪. ચિત્રમાં કેટલા પુરુષો છે ?
૫. ચિત્રમાં કેટલાં બાળકો છે ?
૬. ચિત્રમાં કેટલાં પ્રાણી-પક્ષી છે ?
૭. લારીમાંથી કેટલાં રીંગણ પડી ગયાં ?
૮. વર્ણનમાં હોય પણ ચિત્રમાં ના હોય એવી કોઈ વાત ધ્યાનમાં આવી ? કહો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## નીચેની વિગતો કોને લાગુ પડે છે ?

૧. શાકભાજીની લારી : શકરાભાઈ

૨. બ્રશ, કાંસકો, તેલ :

૩. મોબાઈલમાં બજારનો વીડિયો :

૪. ચાની દુકાન :

૫. જેવું એનું નામ તેવું એનું કામ :

**‘અમૃતકાકાનો પર્વત’ વાંચો અને ચિત્રમાં નામ લખો.**

## શબ્દો ગોઠવી વાક્ય ફરી લખો.

૧. બજારનો વીડિયો / આર્યન / ઉતારતો હતો.

૨. લઈને જતા હતા / શાકભાજીની લારી / શકરાભાઈ

૩. તેના માટે કપડાં / તૃપ્તિનાં મમ્મી પપ્પા / ખરીદતાં હતાં

૪. દૂધ વેચવા / હર્ષદભાઈ / નીકળ્યા હતા

૫. પાછળ દોડ્યા / તેમના બળદ / અમૃતકાકા



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વારાફરતી વર્ગના એક - એક વિદ્યાર્થીને વર્ગ સમક્ષ બોલાવી તેના કાનમાં એક પાત્રનું નામ કહો. ચિત્રમાં તે પાત્ર શું કરી રહ્યું છે તેવા હાવભાવ કરી બતાવવાનું તે વિદ્યાર્થીને કહો. બાકીના વિદ્યાર્થીઓને તે પાત્ર ઓળખી બતાવવાનું કહો.

**જેમ કે,** : અમૃતકાકા

- વિદ્યાર્થી ગુસ્સાવાળો ચહેરો બનાવશે. એક પગ ઊંચો રાખી દોડવાની સ્થિતિ કરશે.

- બે-બેની જોડી બનાવો અને કહો બળદ ભાગ્યા પછી કોણ શું કરી રહ્યું છે ?
- જો અચાનક વરસાદ પડે તો આ બધાં શું કરત ?

## ચિત્ર અને ફકરાના આધારે અમને ઓળખી કાઢો.

૧. મારી પાસે બે પૈડાંવાળું વાહન છે. પાર્થેશભાઈ અને હર્ષદભાઈ

૨. હું મારાં મમ્મી-પપ્પા સાથે છું. ____

૩. મારે ચાર પગ છે. ____

૪. હું ગુસ્સામાં છું. ____

૫. હું ગભરાઈ ગયો છું. ____

૬. હું ચિંતામાં છું. ____

૭. મને હસવું આવે છે. ____

૮. મારી ચાની દુકાન છે. ____

૯. મારા હાથમાં મોબાઈલ છે. ____

૧૦. તમે પૃથ્વીપુરના બજારમાં જાઓ તો શું શું ખરીદો ?

____



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **ચાલો, ગાઈએ ગીતડું :** બરણીનો મુરબ્બો ખાવા ચાલ્યા ઉંદર ચાર

**આ દુકાનોનાં બૉર્ડ જુઓ. ત્યાં શું મળતું હશે તે લખો.**

**કૃપાળુ કિરાણા સ્ટોર**

ઘી, ગોળ, તેલ, અનાજ, કઠોળ, ખાંડના છૂટક વેપારી

**સંપર્ક :** સૃજન વી. પટેલ

| | | |
|---|---|---|
| ચોખા | તુવેરદાળ | |
| | | |
| | | |

દુકાનદારનું નામ : ____________

**રાજર્ષિ મોબાઇલ**

દરેક કંપનીના નવા-જૂના મોબાઇલ,
મોબાઇલનાં કવર, ગ્લાસ મળશે.
નવાં સીમકાર્ડ મળશે.
રિચાર્જ કરી આપવામાં આવશે.
**સંપર્ક :** સૂર્યપ્રકાશ પરમાર
મોબાઇલ નંબર : ૨૨૨૨૨ ૨૨૨૨૨



આ દુકાનમાં શું મળશે ? : ____________

દુકાનદારનું નામ : ____________

ફોન નંબર : ____________

____________ ઈકોતેર ____________

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



## ક્રિષ્ણા સ્વીટ માર્ટ



મોતીચૂર લાડુ, મોહનથાળ, રસગુલ્લાં, કાજુકતરી, જલેબી, પેંડા,
મથુરા પેંડા, માવો, બરફી, કાજુબરફી, શ્રીખંડ

**પ્રસંગના ઓર્ડર લેવામાં આવે છે.**



સંપર્ક : ______________

નંબર : ૮૮૮૮૮ ૮૮૮૮૮



શું મળશે ? : ________ ________ ________
________ ________ ________

દુકાનદારનું નામ : ______________



## બાર્બી બેકરી

બ્રેડ, પાઉં, ટોસ્ટ, કેન્ડી, જેલી ટોફી, આઇસક્રીમ,
ક્રીમ રોલ, કેક, નાનખટાઇ

ઓર્ડર મુજબ કેકની હોમ ડિલિવરી કરી આપવામાં આવશે.



**સંપર્ક** : તૃષા ટોપીવાળા

મોબાઇલ નંબર : ______________

શું મળશે ? : ________ ________ ________
________ ________ ________

દુકાનદારનું નામ : ______________

ફોન નંબર : ૯૯૯૯૯ ૯૯૯૯૯

________ **ઓગણએંશી** ________

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

તમે કઈ કઈ દુકાને જાઓ છો ? તેમાંથી કોઈ એક દુકાનનું બૉર્ડ કાગળમાં દોરી તે દુકાનદારને આપો.

**જો તમે દુકાનદાર બનો તો તમારી દુકાનમાં કઈ વસ્તુઓ રાખશો ?**

અહીં તમારી દુકાનનું બૉર્ડ તૈયાર કરો.

**સંવાદો વાંચો અને ભજવો :**

- વિક્રમ : ગરમ ગરમ સમોસાં છે ?

દુકાનદાર : ના ભાઈ, સમોસાં ખલાસ ! કચોરી છે, ખમણ છે, ભજિયાં છે...

વિક્રમ : ભજિયાંનો શો ભાવ છે ?

દુકાનદાર : વીસનાં સો ગ્રામ.

વિક્રમ : ને ચટણી ?

એંશી

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

દુકાનદાર : ચટણી ફ્રી.

વિક્રમ : તો એકલી ચટણી આપો.

- અર્ચના : પેન્સિલ આપો.

દુકાનદાર : કેટલાવાળી ?

અર્ચના : બે રૂપિયાવાળી.

દુકાનદાર : આ લો 'અક્ષર' પેન્સિલ, તેનાથી સરસ લખાશે.

અર્ચના : તો બીજી આપો. મારે તો ચિત્ર દોરવું છે.

- **ચાલો, ગાઈએ ગીતડું :** બરણીનો મુરબ્બો ખાવા ચાલ્યા ઉંદર ચાર

## વર્ગમાં બજાર :

પાંચ-છ વિદ્યાર્થીઓને દુકાનદાર બનાવો. તેઓને નીચે આપેલ વસ્તુઓ જેવી વસ્તુઓનાં નામવાળી ચિઠ્ઠીઓ આપો. તેઓ વર્ગમાં જુદી-જુદી જગ્યાએ ચિઠ્ઠીઓ લઈ બેસશે. બાકીના વિદ્યાર્થીઓ નકલી નોટ / ચિઠ્ઠીમાં રકમ લખી તેમની પાસેથી વસ્તુઓ ખરીદશે. નીચે ઉદાહરણની ચિઠ્ઠીઓ આપેલ છે. વિદ્યાર્થીઓને બીજી વસ્તુઓનાં નામ ઉમેરવા કહો.

- **શાકભાજીના દુકાનદારની ચિઠ્ઠીઓ :**

કાકડી જામફળ ફુલેવર કોબીજ બટાકા

ડુંગળી મેથીની ભાજી સવાની ભાજી ______ ______

______ ______ ______ ______

- **ફરસાણના દુકાનદારની ચિઠ્ઠીઓ :**

ચવાણું તીખી સેવ મોળી સેવ બરફી પેંડા

ફાફડા ગાંઠિયા જલેબી સોનપાપડી કાજુકતરી

મોહનથાળ ______ ______ ______ ______

______ એક્યાશી ______

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

◆ **સ્ટેશનરીના દુકાનદારની ચિટ્ઠીઓ :**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦૦ પેજની નોટબુક | ૨૦૦ પેજની નોટબુક | | લોંગબુક | વાર્તાની ચોપડી |
| ચિત્રકળા | સ્કેચબુક | પેન્સિલ | બોલપેન | સ્કેચપેન |
| મીણિયાકલર | વૉટરકલર | ફૂટપટ્ટી | કંપાસબૉક્સ | સ્કૂલબૅગ |

**"અમૃતકાકાનો પર્વત" ફકરો ફરી વાંચી તેમાં આવતાં નામ લખો, મોટેથી વાંચો.**

હર્ષવર્ધન

**તમારા શિક્ષક બોલે તે શબ્દો લખો.**

'ર' કારવાળા (પ્રકાશ, ધર્મ, વૃક્ષ જેવા) શબ્દોનું શ્રુતલેખન કરાવો. ત્યારબાદ તે શબ્દો બૉર્ડ પર લખો. વિદ્યાર્થીઓને તેમની ભૂલ જાતે શોધી સુધારીને ફરી લખવા કહો.

| શ્રુતલેખન | સુધારો | શ્રુતલેખન | સુધારો |
|---|---|---|---|
| આર્શિવાદ | આશીર્વાદ | કુત્રિમ | કૃત્રિમ |
| | | | |
| | | | |
| | | | |
| | | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **ચાલો, ગાઈએ ગીતડું :** બરણીનો મુરબ્બો ખાવા ચાલ્યા ઉંદર ચાર

**બંકુએ લખેલાં વાક્યો પર મુરબ્બો પડ્યો. તેને તે વાક્યો ફરી લખવામાં મદદ કરો.**

### ગૃહકાર્ય

તા. ૨૬/૦૧/૨૦૧૯

| | | | |
|---|---|---|---|
| ૧. | ગોવર્ધનકાકા નવો બળદ લાવ્યા. | ૧. | ગોવર્ધનકાકા નવો બળદ લાવ્યા. |
| ૨. | કૃતિકાએ કાચી કેરી કાપી. | ૨. | |
| ૩. | શર્મન સ્ટેજ પર શરમાઈ ગયો. | ૩. | |
| ૪. | શર્મિષ્ઠા શાક સમારે છે. | ૪. | |
| ૫. | પૃથ્વીના પપ્પા નિવૃત્ત થયા. | ૫. | |
| ૬. | મહર્ષિ મંગળવારે મોરબીમાં મળ્યો. | ૬. | |

**મોટેથી ગાઓ :**

પા પા પગલી
ફૂલની ઢગલી
ઢગલીમાં ઢેલડ
જીવે મારી બેનડ

નાજુક ડગલી
ડગલી ભરતાં
દડવડ દડતાં
બેની મારી પડતાં !

થોડુંક રડીયાં
આંસુડાં દડીયાં
ભાઈ સાથે લડીયાં
ભાઈ ભરે બકી
'વ્હાલી મારી ચકી'

ત્યાશી

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in